
ઓક્ટોબર ૨૦૧૨
કિંમત ₹ ૧૨/-

દાદા ભગવાન પરિવારનું

# અક્રમ એક્સપ્રેસ



## અનુક્રમણિકા


દાદાજી કહે છે...૧
વિચાર્યા વગરની નકલોનું પરિણામ....૨
આ તો નવી જ વાત !....૪
નકલ નહીં, અસલ જ ખપે !...૫
મીઠી યાદેં....૯
ઐતિહાસિક ગૌરવગાથાઓ...૧૦
બાળકો સાથે પૂજ્યશ્રી....૧૨
મનગમતી વાર્તા....૧૩
ચાલો રમીએ....૧૪
ક્રોસવર્ડ સ્પર્ધા....૧૬


# કોપીકેટ અક્રમ એક્સપ્રેસ

## સંપાદકીય

બાળમિત્રો,

મમ્મી, મને મારા ફ્રેન્ડ જેવા શૂઝ અપાવોને, જો મેં ઐશ્વર્યા રાય જેવા વાળ કપાવ્યા. મારે પણ સચિન તેંદુલકર જેવું બેટ લેવું છે.

ઓહોહો ! આખો દિવસ બસ બીજાની જ નકલ. પોતાનામાં જે આવડત હોય એને બાજુ પર મૂકીને બીજા શું કરે છે, કેવી રીતે કરે છે, એના જેવું કરવામાં આપણી કેટલી શક્તિ વપરાઈ જતી હશે ? અને બદલામાં મળે છે શું ? કોઈએ હાર પહેરાવી સન્માન કર્યા કે કોઈએ મેડલ આપ્યા ? કંઈ જ નહીં ? તો પછી આવી નકલો કરવામાં શું કરવા ટાઈમ બગાડવો ?

તો આવો, આ અંકમાંથી પરમ પૂજ્ય દાદાશ્રી પાસેથી એવી કંઈક સાચી સમજણ મેળવીએ કે જેનાથી બીજાની નકલો કરતા અટકીએ અને કરવી હોય તો કોની કરવી જેથી એનો ફાયદો મળે એ પણ જાણીએ.

- ડિમ્પલ મહેતા


તંત્રી તથા સંપાદક:
ડિમ્પલ મહેતા
વર્ષ : ૫, અંક : ૨
સળંગ અંક : ૫૦



સંપર્ક સૂત્ર :
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો. - અડાલજ,
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧,ગુજરાત.
ફોન : (૦૭૯) ૩૯૮૩૦૧૦૦
email:akramexpress@dadabhagwan.org
અમદાવાદ: (૦૭૯)૨૭૫૪૦૪૦૮,૨૭૫૪૩૯૭૯

રાજકોટ ત્રિમંદિર : ૯૨૭૪૧૧૧૩૯૩
વડોદરા : (૦૨૬૫) ૨૪૧૪૧૪૨
મુંબઈ : ૯૩૨૩૫૨૮૯૦૧-૦૩
U.S.A.: ૭૮૫-૨૭૧-૦૮૬૯
U.K.: ૦૭૯૫૬૪૭૬૨૫૩
Website: kids.dadabhagwan.org



**Printed, Published and Owned by :**
**Dimple Mehta on behalf of**
**Mahavideh Foundation**
5, Mamtapark Society,
Bh. Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.
**Published at Mahavideh Foundation**
5, Mamtapark Society,
Bh. Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.

**Printing Press:-**
**Amba Offset**
Basement, Parshvanath
Chambers, Nr.RBI,
Usmanpura, Ahmedabad-14.

લવાજમ (ગુજરાતી)
વાર્ષિક સભ્ય
ભારત : ૧૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૦ પાઉન્ડ
પાંચ વર્ષ
ભારત : ૪૫૦ રૂપિયા
યુ.એસ.એ. : ૬૦ ડોલર
યુ.કે. : ૪૦ પાઉન્ડ
D.D. / M.O. 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.

# દાદાજી કહે છે



"આ નકલ કરવાથી તો અંદરની આપણી પોતાની આવડતો હતી તેય જતી રહી....."

જીંદગીમાં કોઈનીય નકલ કરાય જ નહીં. કમઅક્કલવાળા જ નકલ કરે અને દુઃખી થાય. આપણે તો નકલ નહીં પણ અસલ હોવું ઘટે. નકલ કરીને જીવવું સારું કે અસલ? આપણને નકલ કેવી? આપણા હિન્દુસ્તાનના લોક તો કોઈની નકલ કરે જ નહીં. આ તો ફોરેનવાળા આપણી નકલ કરી જાય એવું હોવું જોઈએ.

પણ બધું બદલાઈ ગયું છે. હું શું બોલું તો હિત ને શું કરું તો હિત, હું શું જાણું તો હિત, એની ખબર જ નથી. જેમાં ને તેમાં નકલો કરવામાં શૂરા થઈ ગયા છે ! અત્યારે તો સૂવે તેય નકલ, ચાલે છે તેય નકલ. અરે ! બેસવાનીય નકલ જ કરે છે ને ! આ છોકરાંઓ એકબીજાની નકલ કરે છે. નવું પેન્ટ પહેરીને અરીસામાં જો જો કર્યા કરે. 'અલ્યા, અરિસામાં શું જુએ છે ?' તને જોવા માટે કોઈ બાપોય નવરો નથી. શું તારું જોવાનું છે તે ? આ કોની નકલ કરે છે એ તો જુઓ ! આવું છે આ જગત ! આને જીવન કહેવાય જ કેમ ?



આ નકલ કરવાથી તો અંદરની સિલક (આપણી પોતાની આવડતો) હતી તેય જતી રહી. નહીં તો એક-એક હિન્દુસ્તાનીમાં અનંત શક્તિ છે ! પણ બધી અવળી વેડફાઈ રહી છે. આ શક્તિ વેડફી કેવી રીતે ? આ ભાઈ આઈ.એ.એસ. (ઊંચી ગવર્મેન્ટ પોસ્ટની ડિગ્રી) કરે છે તો હુંય એનું જોઈને નક્કી કરું કે મારેય આઈ.એ.એસ. થવું છે, એમ નકલો કરી કરીને શક્તિ વેડફી. એ તો 'જ્ઞાની પુરુષ' ભેગા થાય તો શક્તિ સવળી વળે ને કામમાં લાગે. નકલ તો મારી કરો ને ! કેમ નથી આવડતી એ ?

પ્રશ્નકર્તા : તમારા જેવાં જ થઈ જઈએ, એવું જ કરો ને !

દાદાશ્રી : નકલ કરો કે આ દાદા શું કરે છે, એટલું નકલ કર્યા કરોને ! એટલી નકલ આવડે તોય બહુ થઈ ગયું. તો હું જાણું કે અક્કલવાળા હતા.

નકલ એટલે દાદાના કહ્યા પ્રમાણે આજ્ઞામાં રહ્યા તો થઈ ગયું, પૂરા થયા !

# વિચાર્યા વગરની નકલોનું પરિણામ

વર્ષો જૂની વાત છે. સુશીલા નગરીમાં મુંજાલમુનિ નામના એક વિદ્વાન ઋષિમુનિ નિવાસ કરતા હતા. કુટિરની નજીક એમણે એક ગુરુકુળની સ્થાપના કરી હતી.

ગુરુકુળમાં એક વિશાળ વટવૃક્ષ હતું. એ વટવૃક્ષની નીચે બેસી મુંજાલમુનિ રોજ એમના શિષ્યોને ઉપદેશ આપતા. એક દિવસ એક બિલાડી મુનિના પગ પાસે આવીને ગોઠવાઈ ગઈ. મુનિએ એ બિલાડીને થોડું દૂધ પાયું. આમ કરતાં કરતાં બિલાડીને રોજ મુનિ પાસે આવવાની આદત પડી ગઈ. મુનિને પણ બિલાડીનો સાથ ગમવા લાગ્યો અને એમણે એ બિલાડીને પાળી લીધી. સાધના કરતા હોય કે ઉપદેશ આપતા હોય, બિલાડી હંમેશાં મુનિની આજુબાજુ જ રહેતી.

થોડા વર્ષો પછી મુંજાલમુનિ મૃત્યુ પામ્યા. શિષ્યોને ગૂંચવાડો થયો, ''બિલાડીનું શું કરવું ?'' શિષ્યોને પણ બિલાડીની હાજરીની આદત પડી ગઈ હતી. તેથી સૌએ નક્કી કર્યું કે બિલાડી ભલે ગુરુકુળમાં રહે. આમ વર્ષો વીતવા લાગ્યા. સૌ શિષ્યો, પટ્ટ-શિષ્યોના માર્ગદર્શન હેઠળ પોતાની પ્રગતિ માંડી રહ્યા હતા.



એક દિવસ, પાડોશી ગામના આનંદમુનિ અને એમના શિષ્યો, સુશીલા નગરીની મુલાકાત લેવા આવ્યા. મુંજાલમુનિના શિષ્યોની કુશળતા અને જ્ઞાનની પ્રગતિ જોઈ આનંદમુની ખૂબ પ્રભાવિત થયા. ગુરુકુળમાં આનંદમુનિએ પેલી બિલાડીને હરતી ફરતી જોઈ. એ બિલાડી મુંજાલમુનિના વખતથી છે, જાણી એમને મનમાં વિચાર આવ્યો, '' આ લોકોની કુશળતા અને જ્ઞાન પ્રગતિનું રહસ્ય આ બિલાડી જ હોવી જોઈએ. જો મારે પણ એમના જેવા કુશળ થવું હોય તો આવી જ એક બિલાડી પાળવી જોઈએ.''

અને આમ આનંદમુનિ પણ પોતાના ગુરુકુળ માટે એક બિલાડી લઈ આવ્યા. ધીરે ધીરે આ વાત બીજા ગામોમાં પણ ફેલાવા લાગી. 'ધ્યાન અને સાધનામાં બિલાડીની આવશ્યકતા' વિષે ચર્ચાઓ થવા લાગી. બધાજ એકબીજાની નકલ કરી, પોતાના ગુરુકુળમાં અને આશ્રમમાં એક બિલાડી રાખવા લાગ્યા.

આવી રીતે આખી એક પેઢી પસાર થઈ ગઈ. બિલાડીની હાજરીનું મૂળ કારણ તો મુંજાલમુનિના આશ્રમમાં પણ ભૂલાઈ ગયું. ત્યાં પણ હવે એક બિલાડી મૃત્યુ પામે તો નવી બિલાડી લઈ આવવામાં આવતી.

થોડા કાળ પછી બન્યું એવું કે એ આશ્રમના પ્રમુખમુનિ, વિવેકમુનિને બિલાડીના વાળની એલર્જી થઈ. તેથી એમણે બિલાડીને કાઢી મૂકવાની સુચના આપી. બધાજ શિષ્યોએ ખૂબ વિરોધ કર્યો. મુનિ વિદ્વાન હતા. એમણે શિષ્યોને સમજણ પાડી, '' આ વાતમાં કોઈ તથ્ય નથી કે બિલાડીના કારણે એકાગ્રતા વધે છે કે બિલાડી સાધનામાં મદદરૂપ થાય છે. આ તો અમુક અક્કલ વગરના લોકોએ સામસામી નકલ કરી, આવી માન્યતા લોકોના મનમાં દૃઢ કરી નાખી છે. ગાંડો ગાડરિયો પ્રવાહ છે આ.''

વિવેકમુનિ અનુભવી અને વિદ્વાન હતા. તેથી એમની વાત શિષ્યોને ગેડમાં બેઠી. શિષ્યોએ બિલાડીને આશ્રમમાંથી કાઢી મૂકી.


ધીરે ધીરે આ વાત આજુબાજુના ગામોમાં ફેલાઈ ગઈ. બિલાડીની દેખરેખથી કંટાળેલા લોકો ફરી એકબીજાની નકલ કરી બિલાડીને પોતાના આશ્રમો અને ગુરુકુળમાંથી હટાવવા લાગ્યા. અને ગામેગામ 'બિલાડીની ગેરહાજરીમાં થતા ધ્યાનનું મહત્વ'ની ચર્ચાઓ થવા લાગી.

આ વાત વિવેકમુનિના કાને પડી. આ સાંભળી તેઓ આછું હસ્યા. એ સાંજે શિષ્યોને ઉપદેશ આપતા એમણે કહ્યું, ''આપણી કમઅક્કલના કારણે જ આપણે એકબીજાની નકલ કરતા હોઈએ છીએ. નકલના કારણે આપણે આપણા જીવનમાં આવી કેટલીય 'બિલાડીઓ' પાળી લેતા હોઈશું. બિલાડી જો પ્રગતિ કરાવતી હોય તો નિયમ-સંયમની કોઈ જરૂર જ ન રહી ને! પણ.....''

હજી વાક્ય પૂરું થયું ન થયું, ત્યાં તો એક બિલાડી કુદીને વિવેકમુનિના પગ પાસે આવીને બેસી ગઈ, ''મ્યાઉં.....'' કરીને એણે ધીમો અવાજ કર્યો અને બધા જ શિષ્યો ખડખડાટ હસી પડ્યા.



# આ તો નવી


નકલ તો વાંદરા કરે. મનુષ્ય નકલ ના કરે, અસલ (પોતાનું આગવું) કરે.
અક્કલ તો કોનું નામ કહેવાય કે જેણે કોઈ દહાડો કોઈનીય નકલ ના કરી હોય તે.

# જ વાત !

જે બીજાની
નકલ કરતો હોય,
એની આપણે નકલ
કરીએ એ મૂર્ખામી
જ ગણાય.



પોતાના
હિતાહિતનું ભાન નથી.
હિતાહિતનું ભાન એટલે હું
શું કરું તો સુખી થવાય અને
શું કરું તો દુઃખી થવાય ?
હિતાહિતના ભાન સાથે
બીજા જેવું કરે એને અનુસરવું
એને અક્કલ કહેવાય અને
ભાન વગર હોય એને
નકલ કહેવાય.



# નકલ નહીં, અસલ જ ખપે !





પણ સ્કૂલમાં હું અમુક છોકરાઓથી ખૂબ અંજાઈ ગયો હતો. સ્કૂલના એ 'પોપ્યુલર' છોકરાઓ કહેવાતા. એમની સાથે દોસ્તી કરવા,એમના ગ્રુપમાં જોડાવા માટે હું એમની નકલ કરવા લાગ્યો.
એ છોકરાઓએ મને સ્વીકાર્યો તો ખરો પણ એમાં મેં મારું અસલ વ્યક્તિત્વ ખોઈ નાખ્યું. હું એમના જેવાં કપડાં પહેરવા લાગ્યો. એમના જેવી અને એમની સ્ટાઈલમાં વાતો કરવા લાગ્યો. અરે ! બોલવાની, ચાલવાની, ખાવાની બધીજ વાતોમાં એમની નકલ કરતો થઈ ગયો.
એટલું જ નહિ, કેરિઅર પણ મેં નકલ કરીને પસંદ કર્યું. એ લોકોએ એમ.બી.એ. કરવાનું નક્કી કર્યું, એટલે મેં પણ એમની નકલ કરી એમ.બી.એ. કરવાનો નિર્ણય લીધો.
પણ નકલ કરીને સફળતા થોડી મેળવાય ? જોબ પર મને ફાવતું જ નહોતું. સાચું કહું તો મને ગૂંગળામણ થતી હતી. અને આખરે એ જોબ પરથી મને છૂટો કર્યો.


આજે કબાટ સાફ કરતાં આ જૂનું આલ્બમ હાથમાં આવ્યું. આલ્બમ જોઈને લાગે કે આ 'જૂનો અતીત' તો જાણે ક્યાંય ખોવાઈ ગયો છે !
દોસ્ત, મને ખાતરી છે કે એ જૂનો અતીત ક્યાંય ખોવાઈ નથી ગયો. તને તારી લાયકાતની ઓળખાણ નહોતી એટલે તે નકલ કરીને તારી શક્તિઓ વેડફી અને તારો ટાઈમ બગાડ્યો. પણ હજી કંઈ મોડું નથી થયું.
એટલે ?
એટલે એમ કે તારા કાકા સાચું કહેતા હતા. તારી ફોટોગ્રાફીમાં જાદુ છે. બોલ, સોમવારથી મારી કંપનીમાં કામ કરવું છે ?
અતીતે વિનયની કંપનીમાં નોકરી સ્વીકારી અને ખૂબ સફળ ફોટોગ્રાફર બન્યો. એ પછી એણે પોતાના જીવન કે પ્રોફેશનમાં ક્યારેય કોઈની નકલ નથી કરી.

# મીઠી યાદેં



અમેરિકાથી એક મહાત્માબેન કોઈ પ્રસંગ પર મુંબઈ આવેલા. મહાત્મા નવા હતા છતાં એમના સેન્ટર પર ખૂબ સેવામાં જોડાઈ ગયા હતા. મુંબઈ આવ્યા ત્યારે પૂજ્ય દીપકભાઈએ એમને કહ્યું, ‘‘તમારા અને પેલા બીજા મહાત્મા માટે નીરુમાએ ૧૧ ઈંચની મૂર્તિ લઈ રાખી છે. અમેરિકા જાવ તે પહેલા ઘરેથી લેતા જજો.’’ મહાત્મા તો આ સાંભળીને ખુશ ખુશ થઈ ગયા.

તેઓ જ્યારે મૂર્તિ લેવા ગયા ત્યારે ફક્ત એક બ્રહ્મચારી બેન ઘરે હતા. એ મહાત્માને જોઈને બેને તરત બે મૂર્તિ કાઢી આપી. મૂર્તિ લેતી વખતે એ મહાત્માને બીજા એક મહાત્માબેન યાદ આવ્યા, જે એમને ત્યાં સેવામાં મદદ કરતા હતા. એમણે પૂછ્યું, ‘‘એમના માટે મૂર્તિ લેવાય ?’’ બ્રહ્મચારી બેને નીરુમાને ફોન કરીને પૂછી જોયું. નીરુમાએ ‘હા’ કહી એટલે એમના માટે બીજી એક મૂર્તિ કાઢી આપી. ત્યાં તો એ બેનને બીજા બે મહાત્મા યાદ આવ્યા કે આમના માટે લીધી અને એમના માટે નહીં લઈ જાઉંતો એમને ખરાબ લાગશે. એમ કરીને એ બે માટે પણ મૂર્તિ લીધી.

હવે આ મહાત્મા નવા હોવાથી એમને ખબર નહીં કે આ બધી મૂર્તિઓ બીજા મહાત્માઓએ ઓર્ડર કરેલી હોય અને એના પૈસા આપવાના હોય. એટલે એમણે તો એમના નજીકના બધા મહાત્માઓ માટે મૂર્તિઓ કઢાવી. આમ કરતા કરતા એમણે સાત મૂર્તિઓ લીધી. બ્રહ્મચારી બેન પણ, મહાત્મા નવા છે અને એમનું દિલ ન દુભાય માટે કશું બોલ્યા નહીં અને આપી દીધી.

પાછળથી જેમણે મૂર્તિઓ ઓર્ડર કરેલી એમને મૂર્તિ મળી જ નહીં. એટલે એમની માટે બીજી મૂર્તિઓ ઓર્ડર કરવી પડી અને પેલી સાત મૂર્તિઓના પૈસા ઘરમાંથી ભરવા પડ્યા. પણ નીરુમાએ આ બધું એટલું શાંતિથી પૂરું કર્યું જાણે કંઈ થયું જ ન હોય.

વર્ષો પછી પેલા મહાત્માને એમના આ ગોટાળાની જાણ થઈ ત્યારે એમને પોતાના આવાં વ્યવહાર માટે ખૂબ શરમ આવી કે એમને મૂર્તિની કિંમત જાણવાની કે ઑફર કરવાની જરાય ગતાગમ ન પડી. અને સાથે સાથે નીરુમા માટે અહોભાવ થયો કે આટલા બધાના પૈસા એમણે ચૂપચાપ ચૂકવી દીધા અને એમણે જાણ પણ થવા ન દીધી. એટલું જ નહીં પણ દર વર્ષે નીરુમા અમેરિકા જતાં છતાં આ વાતનો કોઈ ઉલ્લેખ નહીં અને એમના પ્રેમમાં પણ કોઈ ફેરફાર નહીં. આ બધું યાદ આવતા મહાત્માબેન તો નીરુમા પ્રત્યે ઝૂકી ગયા.

# ઐતિહાસિક ગૌરવગાથાઓ

શ્રી સિંહ અણગાર ભગવાન મહાવીરના અનુરાગી શીષ્ય હતા. એક દિવસ તેઓ એકાંતમાં જંગલના એક વૃક્ષ નીચે ધ્યાન ધરી રહ્યા હતા ત્યાં બે વ્યક્તિ ભગવાન મહાવીર પર ગોશાળાએ જે તેજોલેશ્યા મૂકી (જેનાથી શરીરમાં આગ જેવી બળતરા ઉત્પન્ન થાય) તેની વાત કરી રહ્યા હતા.

પહેલો વ્યક્તિ બોલ્યો, ''ભગવાન પર ગોશાળાએ તેજોલેશ્યા મૂકી ત્યારે ભગવાનના બીજા શિષ્યો કેમ ગોશાળાને રોકી ન શક્યા ?''


ત્યારે બીજાએ જવાબ આપ્યો, ''ભગવાનની આજ્ઞા હતી કે બધાએ ગોશાળાથી છેટા રહેવું. છતાં પણ ભગવાન મહાવીર ઉપર ખૂબ અનન્ય પ્રેમ હતો એવા બે અણગાર ઝાલ્યા ન રહ્યા અને તેઓ વચ્ચે કૂદી પડ્યા અને તેજોલેશ્યાથી બન્ને જીવતા સળગી મોતને ભેટ્યા. તેજોલેશ્યા ભગવાનના દેહમાં પ્રવેશી ના શકી અને સીધી જ ગોશાળાના દેહમાં ફેલાઈ ગઈ. પણ તેજોલેશ્યાની ગરમીથી ભગવાનના અંગેઅંગમાં બળતરા થતી હતી. ભગવાનની આ પીડા જોઈ બધા શિષ્યો બેબાકળા બની ગયા હતા.''

આવી વાત સિંહ અણગારે ધ્યાન ધરતા સાંભળી. એના હૃદયમાં અપાર દુઃખ થયું. ભગવાનને કેવી પીડા થતી હશે ? એની કલ્પનાથી એમની આંખમાંથી આંસુ વહેવા લાગ્યા.

થોડીવારમાં બીજા બે વટેમાર્ગુ એ જ વૃક્ષ નીચે આવી બેઠા અને આ જ વાત કરી રહ્યા હતા કે, ''તેજોલેશ્યાથી ભગવાનને લોહીના ઝાડા થયા કરે છે !''

આ વાત કરતા તેમાંનો એક વૃદ્ધ તો ડુસકાં ભરી મોટા અવાજે રડી પડ્યો. આ જોઈને ધ્યાનમાં ઊભેલા સિંહ અણગારની આંખમાં ફરી આંસું આવી ગયા. એમની વેદના વધતી ગઈ. 'કેવી રીતે પ્રભુ આ સહન કરતા હશે ?' એક ખૂણામાં બેસી તેઓ ધ્રુસકે ધ્રુસકે રડ્યા.

આ વખતે બધા જ રડતા હતા. ગૌતમ સ્વામીથી માંડીને બધા જ શિષ્યો, ચંદનબાળા, દેવ-દાનવો, બીજા સ્ત્રી-પુરુષો બધા જ શોકમાં હતા. પણ સિંહ અણગાર તો એવું રડ્યા કે છાના જ ન રહે. ભગવાન મહાવીરે કેવળજ્ઞાન પ્રકાશમાં સિંહ અણગારના જીવને પોતાના દુઃખ માટે અત્યંત



તરફડતો જોયો. તરત એમણે ગૌતમ સ્વામીને બોલાવ્યા અને સિંહ અણગારને બોલાવી લાવવા કહ્યું.

ભગવાનને જોઈ સિંહ અણગારની વેદના વધી ગઈ. ભગવાને અણગારને નજીક બોલાવ્યા અને મધુર વાણીથી કહ્યું, ‘‘સિંહ ! તેં લોકોને મોઢેથી જે સાંભળ્યું છે કે મારું છ મહિનામાં મૃત્યુ થશે પણ એવું બની શકે ખરું ? તીર્થંકરો હંમેશાં એમનું આયુષ્ય પૂર્ણ કરીને જ નિર્વાણ પામે.’’

સિંહ અણગારે કહ્યું, ‘‘પ્રભુ, આપના માટે નહીં પણ મારા મનની શાંતિ માટે તમે ઔષધનું સેવન કરો. આ પીડા હું પળવાર પણ જોઈ શકતો નથી.


સિંહ મુનિના આવા આગ્રહથી પ્રભુ બોલ્યા, ‘‘આ ગામમાં રેવતી નામની શ્રાવિકાએ મારા માટે કોળાનો કટાહ (ઔષધિ તરીકે વપરાય) પકાવ્યો છે. પણ બીજો પોતાના ઘર માટે બીજોરાનો કટાહ(ઔષધિ તરીકે વપરાય) બનાવ્યો છે તે તું લઈ આવ. હું દવા તરીકે તે લઈશ તેથી તને ધીરજ રહે.’’

સિંહ અણગાર નાચી ઉઠ્યા. તેઓ વિનયપૂર્વક રેવતીને વંદના કરી કહ્યું, ‘‘હે શ્રાવિકા, તમે તમારા માટે જે ઔષધ બનાવ્યું છે એ પ્રભુ માટે આપો. તેની અમોને જરૂર છે.’’

રેવતીને આશ્ચર્ય થયું કે ભગવાન સિવાય આ ગુપ્ત વાતને કોઈ જાણી ના શકે. એમણે તરત જ આનંદપૂર્વક એ ઔષધ સિંહ અણગારને વહોરાવ્યું. દેવો પણ આ જોઇને ખૂબ આનંદ પામ્યા. સિંહ અણગારે તરત ભગવાનને ઔષધનો આહાર કરાવ્યો અને ભગવાનનો દેહ તેજોલેશ્યાની પીડામાંથી થોડા જ સમયમાં રોગ મુક્ત થઈ ગયો. શોકમગ્ન બનેલા સૌ જીવો આનંદવિભોર બનીગયા.

સિંહ અણગારની આંખમાંથી હર્ષનાં આંસુ વહી રહ્યા હતા અને ભગવાનની સામે મુખ મલકી રહ્યું.

અને આમ, ભગવાનને તેજોલેશ્યા થકી ઉદ્ભવેલી વેદનાનો અંત આવ્યો.





# બાળકો સાથે પૂજ્યશ્રી

પ્રશ્નકર્તા :- હું કોઈપણ નિશ્ચય કરું છું તે પાળી શકાતો નથી.

પૂજ્યશ્રી :- શેનો નિશ્ચય કરે છે તું ?

પ્રશ્નકર્તા :- બધાને પોઝિટિવ દૃષ્ટિથી જોવાનો. એ પાળી નથી શકાતો.

પૂજ્યશ્રી :- તો શું થઈ જાય ?

પ્રશ્નકર્તા :- એના પછી નેગેટિવ વિચાર જ આવી જાય.

પૂજ્યશ્રી :- સામી વ્યક્તિ માટે ?

પ્રશ્નકર્તા :- હા.

પૂજ્યશ્રી :- તો પછી પ્રતિક્રમણ કરે છેને ?

પ્રશ્નકર્તા :- હા.

પૂજ્યશ્રી :- પછી પાછો નિશ્ચય કરવાનો કે, 'હે દાદા ભગવાન, આ નેગેટિવ જોવાઈ ગયું માફી માંગું છું. મને પોઝિટિવ જોવાય એવી શક્તિ આપો.'' પાછી શક્તિ માંગવાની. જેટલીવાર ભૂલ થાયને એટલીવાર સુધારી લેવાનું. એટલે ધીમે ધીમે જૂનો કચરો ખલાસ થઈ જશે અને નવી શક્તિ પ્રગટ થઈ જશે.

---

પ્રશ્નકર્તા :- દીપકભાઈ, મને કોઈનું નેગેટિવ જલદી દેખાઈ આવે. પોઝિટિવ જલદી ના દેખાય.

પૂજ્યશ્રી :- આપણે નવરા બેસીએને ત્યારે એ વ્યક્તિનું પોઝિટિવ લખવાનું. એક નેગેટિવની સામે બે પોઝિટિવ લખવાના. એટલે આપણી મહીં સવળી શક્તિ ઉત્પન્ન થાય પછી. અને જેટલા નેગેટિવ દેખાય એની માફી માંગી લેવાની કે, 'હે દાદા ભગવાન, આવું ઊંધું જોયું એની માફી માંગું છું. મને પોઝિટિવ જોવાય એવી શક્તિ આપો.' આમાં કેવું છે આપણું વર્તન એ પ્રકૃતિનો ભરેલો માલ છે અને આજની સમજણ આપણે ફેરફાર કરી નાખવાની કે આ મન બતાડે છે એ ખોટું છે. જેમ આપણે જમતા હોય અને બાજુવાળો જમતો હોય તો આપણે એની થાળીમાં થોડો હાથ નાખીએ ? મનમાં થાય કે એની થાળીમાં સરસ લાડવો છે અને આપણી થાળીમાં નથી, તો આપણે હાથ ઘાલીએ કંઈ ?

પ્રશ્નકર્તા :- ના.

પૂજ્યશ્રી :- મન તો બતાડે તેથી કરીને આપણને સમજણ છે ને કે, કોઈ અવિવેક ના કરાય, કોઈને દુઃખ ના અપાય. આ મન તો જાત જાતનું બતાડે પણ આપણેય જુદા ને મન જુદું. તો મન બધુ ઊંધું બતાડેને તો આપણે સીધું કરી નાખવાનું. મન બતાડે ઊંધું, 'આ બહુ જૂઠો માણસ છે.' તો કહેવાનું કે 'ના, બીજા માટે સારોય છે. આપણાથી ઊંધું ના જોવાય.' આપણે વાંધો ઊઠાવવો મનની વાતમાં. ધીમે ધીમે આ કચરો, નેગેટિવીટી જતી રહેશે. દાદા ભગવાન શું કહે છે કે, જીવનમાં એક સિદ્ધાંત રાખવો કે, 'મારે કોઈના નેગેટિવ જોવા જ નથી. હંમેશાં પોઝિટિવમાં જ રહેવું છે.' કોઈ નેગેટિવ વાત કરે તોય એને કહેવાનું કે મને આમાં રસ નથી. પોઝિટિવ રહીએ તો નેગેટિવનો બધો કચરો નીકળી જશે. આપણે વિરોધ કરવાનો ને શક્તિ માંગવાની કે, 'હે દાદા ભગવાન ! મને પોઝિટિવમાં રહેવાની શક્તિ આપો.'

# મનગમતી વાર્તા


દીપકભાઈ, મેં દાદાનું
ડ્રોઈંગ બનાવ્યું છે. જૂઓને.


અરે વાહ, તારું ડ્રોઈંગ
તો બહુ સરસ છે.


તેં આટલું સરસ ડ્રોઈંગ
કેવી રીતે બનાવ્યું ?


એ તો તમને યાદ
કરી કરીને બનાવ્યું .
તમે દાદાના દીકરા
હો એવા લાગો છો ને.


છે ને જુનિયર દાદા !

# ચાલો રમીએ.....


## ૧

ચાર ૧ ને અને ત્રણ ૨ ને ખાલી ગોળમાં એ રીતે ગોઠવો કે કોઈ પણ સળંગ ૩ ગોળના ગુણાકારને ૩ થી ના ભાગી શકાય.





## ૨


નીચે આપેલા ચિત્રમાં રસ્તો શોધો.



## ૩

નીચે આપેલા ૪ * ૪ ના ચોરસમાં બાજુમાં આપેલા ૧૬ આકાર એવી રીતે ગોઠવો કે કોઈ એક રંગ કે આકાર એકબીજાની બાજુમાં ન આવે.






**૪** અહીં ૩ કપ આપેલા છે. લાલ, લીલો, અને બ્લુ. એકમાં સિક્કો, એકમાં શંખ અને એકમાં પથ્થર છે. લાલ કપની ડાબી બાજુ લીલો કપ છે. પથ્થરની ડાબી બાજુ સિક્કો છે. શંખની જમણી બાજુ બ્લુ કપ છે. બ્લુ કપની જમણી બાજુ પથ્થર છે. તો સિક્કો કયા કપમાં છે....?



**૫** નીચેની આકૃતિમાંથી ફક્ત ત્રણ સળીઓ ઉપાડીને બીજી જગ્યાએ એવી રીતે ગોઠવો કે ૩ એક સરખા ચોરસ બને.



**૬** નીચે આપેલા ચિત્રમાં એક આકૃતિ છૂપાયેલી છે એ શોધો.



# કોલાજ વર્ક સ્પર્ધા

**મિત્રો, વેકેશન ચાલુ થઈ ગયું છેને ? આવો,**
**અક્રમ એક્સપ્રેસની કોલાજ વર્ક સ્પર્ધામાં જોડાઓ.**

## સ્પર્ધાના નિયમો :

**ગ્રુપ**

- ૭ થી ૯ વર્ષ
- ૧૦ થી ૧૨ વર્ષ
- ૧૩ થી ૧૫ વર્ષ

૧ કોલાજ બનાવવા માટે વાપરવાની વસ્તુઓ....

**ગ્રુપ ૧ –** ક્રાફ્ટ પેપર, છાપુ, મેગેઝીન, ચાર્ટ પેપર અથવા કપડા.

**ગ્રુપ ૨ અને ૩ –** દીવાસળી, દીવાસળીનું ખોખું, સ્ટ્રો, સુકા ૫ ફૂલ, પાન, ક્રાફ્ટ પેપર, છાપુ, મેગેઝીન, પ્લાસ્ટીક, પ્લાસ્ટીકની ચમચી, ચોક્લેટનું રેપર, ફોઈલ, ક્રેયોન કે પેન્સિલના છોતરા અને કપડાના ટુકડા.

૨. તમારું કોલાજ A–૪ માપના કાર્ડબોર્ડ પેપર પર બનાવવાનું રહેશે.

૩. તમારા કોલાજ અથવા ફોટોફ્રેમને ફેવીક્વિક અથવા ફેવિકોલથી ચોંટાડવું જેથી એ મોકલતી વખતે બગડી ના જાય.

### જયોમેટ્રિક કોલાજ ૭ થી ૯ વર્ષ

ઉદાહરણ જોઈને તમને ગમતા કોઈ પણ એક જેમ કે ગોળ, ત્રિકોણ, ચોરસ જેવા જયોમેટ્રિક આકાર પર કોલાજ બનાવો.



### થીમ કોલાજ ૧૦ થી ૧૨ વર્ષ

ઉદાહરણ જોઈને નીચેના માંથી તમને ગમતી કોઈ પણ એક થીમ પર કોલાજ બનાવો.તમારું કોલાજ બીચ, ગાર્ડન અથવા જંગલ થીમ પર બનાવો.



### ફોટોફ્રેમ કોલાજ ૧૩ થી ૧૫ વર્ષ

ઉદાહરણ જોઈને તમારી ગમતી ડીઝાઈનની ફોટોફ્રેમ બનાવો.




દરેક ગ્રુપમાંથી સૌથી સારા પહેલા બે કોલાજ વર્ક ને ઈનામ આપવામાં આવશે. ઈનામ વિજેતાને ઘરે પહોચતું કરવામાં આવશે. તમારું કોલાજ વર્ક અમને નવેમ્બર મહિનાની ૧૫ તારીખ સુધીમાં મળી જવા જોઈએ. વિજેતાના નામો ડિસેમ્બરના અંકમાં ઘોષિત કરવામાં આવશે. તમારા કોલાજ વર્ક તમારા પુરા નામ, ઉંમર અને ફોટા સાથે નીચેના સરનામે મોકલી આપશો.

**અક્રમ એક્સપ્રેસ – કોલાજ વર્ક સ્પર્ધા**
બાળવિજ્ઞાન વિભાગ, ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી, અમદાવાદ-કલોલ હાઈવે, મુ.પો.- અડાલજ,
જી.-ગાંધીનગર - ૩૮૨૪૨૧, e-mail:akramexpress@dadabhagwan.org

# પઝલના જવાબો


૩




૬



૧



૫



૪ સિક્કો લીલા કપમાં છે.





જૂલાઇ ૨૦૧૨માં સીમંધર સીટીમાં યોજાયેલી ખાસ NRI યુવાનો માટેની શિબિર ‘ I STAR ’ ની ઝલક.









Akram Express

October 2012
Year : 5, Issue : 2
Conti. Issue No.: 50

RNI No. GUJGUJ/2008/26729
Reg. No. GAMC - 1690/2012-2014
valid up to 31-12-2014
LPWP Licence No. CPMG/GJ/27/2012
valid up to 30-6-2014
Posted at AHD. P.S.O. Sorting Office Set-1
on 08th of every month

BALVIGNAN
Fun 'n' Gnan with Dada











<u>અક્રમ એક્સપ્રેસના વાર્ષિક સભ્યો માટે સૂચના</u>

આપનું વાર્ષિક લવાજમ પૂરું થાય છે તે શી રીતે જાણશો ? જો આપની આ મહિનાની આવેલ અક્રમ એક્સપ્રેસના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં **#** હોય તો જાણવું કે આ આપની છેલ્લી અક્રમ એક્સપ્રેસ છે. દા.ત. **AGIA4313 #** અને જો આ મહિનાના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં **##** હોય તો જાણવું કે આ પછીના મહિનાની અક્રમ એક્સપ્રેસ છેલ્લી અક્રમ એક્સપ્રેસ રહેશે. દા.ત. **AGIA4313 ##**.

અક્રમ એક્સપ્રેસ રિન્યુઅલની વિગત (લવાજમ અને સંપર્કસૂત્ર) 'સંપાદકીય' પેજ પર આપેલ છે.

Printer, Publisher and Owner - Mr. Dimple Mehta on behalf of Mahavideh Foundation, Editor - Mr. Dimple Mehta, Printing Press **Amba offset:-** Parshwanath Chembers, Usmanpura, Ahmedabad-14 and published at Mahavideh Foundation, 5, Mamtapark Society, Bh. Navgujarat College,Usmanpura, Ahmedabad-14.